# GPSC Class 1, 2 : Paper 3 (2014)

## સામાન્ય અભ્યાસ

## Section A

**સૂચના - પ્રશ્ન ૧ થી ૫૦ સુધીના દરેક પ્રશ્નના ૨ ગુણ છે.**

1. નીચે રાસાયણિક તત્વ અને તેના શોધકની જોડ આપી છે તે પૈકી કઈ સાચી નથી ?
(અ) નાઈટ્રોજન - ડેનિયલ રૂધરફોર્ડ (બ) સિલિકન - જોન્સ બર્ઝેલિયસ
(ક) **ટિટેનયમ - જોહાન ગ્હાન** (ડ) મેંગેનિઝ - જોહાન ગ્હાન

2. નીચેની બે ઘટનાઓ સંબંધી સત્યતા ચકાસો.
1. આર.ડી.એક્સ. (RDX) રિસર્ચ ડેવલપમેન્ટ એક્સપ્લોઝિવ શક્તિશાળી વિસ્ફોટક પદાર્થ છે. જેની શોધ સને 1899માં જર્મનીના હેનિંગે કરી હતી.
2. સુતરાઉ કાપડની શોધ ભારતમાં થયેલ છે.
(અ) વિધાન 1 સાચું છે, વિધાન 2 સાચું નથી. (બ) **વિધાન 1 સાચું નથી, વિધાન 2 સાચું છે.**
(ક) વિધાન 1 અને વિધાન 2 બંને સાચાં નથી. (ડ) વિધાન 1 અને વિધાન 2 બંને સાચાં છે.

3. પર્યાવરણ સંબંધમાં નીચે જણાવેલી મહત્ત્વની તારીખો અને તે સંબંધી માહિતીની કઈ જોડી સાચી નથી?
(અ) **11 ફેબ્રુઆરી - વિશ્વ સમુદ્ર દિવસ**
(બ) 16 સપ્ટેમ્બર - ઓઝોન પડ સંરક્ષણ આંતરરાષ્ટ્રીય દિવસ
(ક) 5 જૂન - વિશ્વ પર્યાવરણ દિવસ
(ડ) 22 માર્ચ - વિશ્વ જળ દિવસ

4. ફૂટબોલની રમતમાં બંને બાજુ .......... ખેલાડીઓ હોય છે અને .......... મિનિટ ચાલે છે.
(અ) 9 ખેલાડીઓ અને 60 મિનિટ (બ) **11 ખેલાડીઓ અને 90 મિનિટ**
(ક) 10 ખેલાડીઓ અને 90 મિનિટ (ડ) 11 ખેલાડીઓ અને 120 મિનિટ

5. યાદી I અને યાદી IIની વિગતોને યોગ્ય રીતે જોડતાં સાચો ક્રમ કયો થશે?

| યાદી I (સ્ત્રીઓના અધિકાર) | યાદી II (આર્ટિકલ) |
|---|---|
| 1. લિંગભેદ વિનાની સમાનતા | (અ) અનુ. 16 (2) |
| 2. જીવન ટકાવવા માટેનાં સાધનોનો સમાન અધિકાર | (બ) અનુ. 51 એ (ઈ) |
| 3. સ્ત્રીના ગૌરવનું રક્ષણ | (ક) અનુ. 14 |
| 4. અંગત સ્વાતંત્ર્યનો અધિકાર | (ડ) અનુ. 21 |
| | (ઈ) અનુ. 39 |

(અ) 1 - બ, 2 - ક, ૩ - ડ, 3 - ઈ (બ) **1 - ક, 2 - ઈ, ૩ - બ, 3 - ડ**
(ક) 1 - ડ, 2 - બ, ૩ - અ, 3 - ક (ડ) 1 - ક, 2 - ડ, ૩ - ઈ, 3 - બ

6. ગુજરાતમાં મુખ્યમંત્રી સ્કોલરશિપ યોજના સંદર્ભે નીચે પૈકી કયું વિધાન સાચું છે?
(અ) પ્રાથમિક શાળામાં ભણતાં ગરીબ બાળકો માટેની યોજના છે.
(બ) પ્રાથમિક શાળમાં ભણતાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની યોજના છે.
(ક) પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની યોજના છે.
(ડ) **ઉચ્ચ અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની યોજના.**

7. ભારતમાં જન્મ દર અને મૃત્યુ દરના સંદર્ભમાં કયું વિધાન સાચું છે?
(અ) જન્મ દરનો ઘટાડો મૃત્યુ દરના ઘટાડા કરતાં વધુ છે.
(બ) જન્મ દર વધ્યો છે, જ્યારે મૃત્યુ દર ઘટ્યો છે.
(ક) **મૃત્યુ દરમાં જેટલો ઘટાડો થયો તેટલો ઘટાડો જન્મ દરમાં થયો નથી.**
(ડ) મૃત્યુ દર વધ્યો છે, જ્યારે જન્મ દર ઘટ્યો છે.

Crack GPSC

8. સૂર્ય-ચંદ્ર ગ્રહણના સંદર્ભમાં નીચે પૈકી કયું વિધાન ખોટું છે?
(અ) ખંડગ્રાસ સૂર્યગ્રહણ - ચંદ્ર આડે સૂર્યનો આંશિક ભાગ ઢંકાય છે.
(બ) **ખગ્રાસ સૂર્યગ્રહણ - સૂર્ય આડે પૂરો ચંદ્ર ઢંકાઈ જાય તે.**
(ક) ખંડગ્રાસ ચંદ્રગ્રહણ - પૃથ્વીનો પડછાયો ચંદ્રનો આંશિક ભાગ ઢાંકે તે.
(ડ) ખગ્રાસ ચંદ્રગ્રહણ - પૃથ્વીના પડછાયામાં પૂરો ચંદ્ર ઢંકાઈ જાય તે.

9. સપ્ટેમ્બર-2017માં સ્વર્ગવાસી થયેલ શિક્ષણ ક્ષેત્રના તજ્જ્ઞ મહાનુભાવ શ્રી કિરીટભાઈ જોષી સંબંધમાં નીચેના પૈકી કયું વિધાન સાચું નથી?
(અ) તેઓને સને 1976માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ભારત સરકારના શિક્ષણ સલાહકાર તરીકે નિમણૂક આપી હતી.
(બ) તેઓ આઈ.એ.એસ. થયા બાદ રાજીનામું આપી પુડુચેરી ખાતે સેવાઓ આપતા હતા.
(ક) **તેઓ યુનેસ્કો (UNESCO) ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનના અધ્યક્ષ હતા.**
(ડ) તેઓએ ગુજરાત સરકારમાં પણ શિક્ષણ ક્ષેત્રે તજજ્ઞ સલાહકાર તરીકે સેવાઓ આપી હતી.

10. પર્યાવરણ પ્રદૂષણ અટકાવવા સંબંધમાં નીચેના પૈકી કયું વિધાન સાચું નથી?
(અ) ન્યુક્લિયર અને થર્મલ પાવર પદ્ધતિથી વીજળી પેદા કરવામાં પર્યાવરણને નુકસાન થવા સંભવ છે.
(બ) નદીઓમાં ઠલવાતો ઔદ્યોગિક કચરો નદીઓની તથા દરિયાની જીવસૃષ્ટિને નુકસાનકર્તા છે.
(ક) ભારે યાંત્રિક ઉદ્યોગોમાં થતાં અવાજો, હવાઈ જહાજોનો ધ્વનિ, અવકાશયાનોનું પ્રક્ષેપણ વગેરે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાવે છે.
(ડ) **જળાશયોમાંની 'ગપ્પી' માછલીઓ જળ પ્રદૂષણ વધારે છે.**

11. RMSA (રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન)ના સંદર્ભમાં કયું વિધાન સાચું છે?
(અ) **આ અભિયાન હેઠળ સરકારની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઊભી કરવા માટે ફંડ અપાય છે.**
(બ) આ અભિયાન હેઠળ દેશની તમામ શાળાઓને ફંડ અપાય છે.
(ક) આ અભિયાન હેઠળ શહેરી ગરીબોનાં બાળકોને આર્થિક સહાય અપાય છે.
(ડ) આ અભિયાન હેઠળ ગ્રામ્ય ગરીબોનાં બાળકોને સહાય અપાય છે.

12. આરોગ્ય સંબંધી ઊજવાતા દિવસોમાં નીચેનાં પૈકી કઈ જોડી સાચી નથી?
(અ) વિશ્વ આરોગ્ય દિન - 07મી એપ્રિલ (બ) તમાકુ વિરોધી દિન - 31મી મે
(ક) વિશ્વ ક્ષય દિન - 24મી માર્ચ (ડ) **વિશ્વ એઈડ્સ દિવસ - 31મી ડિસેમ્બર**

13. બંધારણના અનુચ્છેદ 51 (1)માં દર્શાવેલ મૂળભૂત ફરજોમાં નીચેના પૈકી કઈ નથી?
(અ) બંધારણને વફાદાર રહેવાની
(બ) **બિનસાંપ્રદાયિકતા જાળવવાની**
(ક) સંસ્કૃતિના સમૃદ્ધ વારસાને સન્માનવાની
(ડ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની

14. અહીં દર્શાવેલાં રાજ્યોને તેની રચનાના વર્ષ મુજબ 'પ્રથમથી છેલ્લાં' ગોઠવતાં સાચો ક્રમ કયો થાય?
1. નાગાલેન્ડ 2. તેલંગણા 3. સિક્કિમ 4. ગોવા 5. ઉત્તરાંચલ
(અ) 4, 3, 1, 5, 2 (બ) 5, 1, 3, 4, 2 (ક) 3, 4, 1, 5, 2 (ડ) **4, 3, 4, 5, 2**

15. નીચે દર્શાવેલ સંસ્થાઓ અને તેમનાં સ્થળની જોડીઓ પૈકી કઈ જોડી સાચી છે?

| | |
|---|---|
| સેન્ટર ફોર DNA ફિંગર પ્રિન્ટિંગ એન્ડ ડાયગ્નોસ્ટિક | ઈમ્ફાલ |
| **નેશનલ બ્રેઈન રિસર્ચ સેન્ટર** | **માનેસર** |
| નેશનલ સેન્ટર પ્લાન્ટ જિનોમ (Genome) રિસર્ચ | હૈદરાબાદ |
| ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોરિસોર્સિઝ એન્ડ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ | નવી દિલ્હી |

16. 'ક્ષેત્રાધિકાર ઉપરાંત અમલી બનશે એવી ભૂમિકા માત્રથી સંસદે ઘડેલો કોઈ કાયદો અમાન્ય બનશે નહિ' આવી જોગવાઈ વૈધાનિક સંબંધ અને વૈધાનિક સત્તાઓની વહેંચણીને લગતી છે તે ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદ અન્વયે છે?
(અ) **અનુચ્છેદ 245 (2)** (બ) અનુચ્છેદ 246 (1) (ક) અનુચ્છેદ 246 (3) (ડ) અનુચ્છેદ 246

17. મહિલાઓને રક્ષણ આપવા સંબંધમાં સામાન્ય રીતે નીચેના પૈકી કયા કાયદાના હેતુઓ માત્ર મહિલાઓ/બાળાઓ પૂરતા મર્યાદિત નથી?
(અ) દહેજ પ્રતિબંધક અધિનિયમ, 1961

(બ) અનૈતિક વ્યવહાર પ્રતિબંધક ધારો, 1986
(ક) ઘરેલુ હિંસા અધિનિયમ, (Domestic Violance Act)
(ડ) **બાળ લગ્ન અટકાયત ધારો, 1921**

18. વનસ્પતિની વૃદ્ધિ એક કરોડ ગણી જેટલી વધારીને દર્શાવતું ઉપકરણ અને તેના શોધક?
(અ) માઇક્રોસ્કોપ અને મેડમ ક્યુરી
(બ) ટેલિસ્કોપ અને ગેલેલિયો
(ક) **કેસ્કોગ્રાફ અને જગદીશચંદ્ર બોઝ**
(ડ) દૂરબીન અને વરાહમિહિર

19. નીચેના પૈકી કયો વિષય સહવર્તી યાદીમાં સમાવિષ્ટ નથી?
(અ) વસ્તી નિયંત્રણ અને કુટુંબ નિયોજન
(બ) ખેતીની જમીન સિવાયની મિલકતનું હસ્તાંતરણ
(ક) **વડી અદાલતના અધિકારીઓ અને નોકરો**
(ડ) પ્રાણીઓ તરફની ક્રૂરતાનું નિવારણ

20. ભારતના ક્રાંતિકારીઓ સંબંધમાં નીચેના પૈકી કયું વિધાન સાચું નથી?
(અ) વીર સાવરકરે 'મિત્ર મેલા' નામની સંસ્થા સ્થાપી હતી, જે પાછળથી 'અભિનવ ભારત' નામથી જાણીતી બની.
(બ) 'માલિક તેરી રજા રહે ઔર તુ હી તુ રહે, બાકી ન મૈં રહૂં, ન મેરી આરઝુ રહે, જબ તક હૈ તન મેં જાન, રગો મેં લહુ રહે, તેરા હો જિક્ર યા તેરી હી જૂસ્ત જૂ રહે.' આ પંક્તિના રચયિતા રામપ્રસાદ બિસ્મિલ હતા.
(ક) શાહજહાંપુરમાં આર્ય સમાજના મંદિર ઉપર થયેલ હુમલો ક્રાંતિકારી અશફાક ઉલ્લાખાંએ રોક્યો હતો.
(ડ) **મદનલાલ ધીંગરાએ 1920માં પેરિસમાં કર્નલ વાયલીની હત્યા કરી હતી.**

21. ન્યાયાધીશોની નિમણૂક માટે લોકસભાએ પાસ કરેલ કમિશનને કયું છે અને તેમાં ન્યાયતંત્રના કેટલા સભ્યો રહેશે?
(અ) નેશનલ કમિશન ફોર જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ - 6 સભ્યો
(બ) નેશનલ કમિશન ફોર જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ - 4 સભ્યો
(ક) યુનિયન કમિશન ફોર જ્યુડિશિયલ સર્વિસ - 2 સભ્યો
(ડ) **નેશનલ કમિશન ફોર જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ - 3 સભ્યો**

22. ગુજરાત જૈવ વૈવિધ્ય બોર્ડ (Gujarat Bio-Diversity Board) અંગે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?
(અ) **આની રચના ભારત સરકારના જૈવ વૈવિધ્ય બોર્ડ, Biological Diversity Act –2002 હેઠળ કરાઈ છે.**
(બ) ગુજરાત જૈવ વૈવિધ્ય બોર્ડનું વડું મથક રાજકોટ છે.
(ક) ગુજરાત જૈવ વૈવિધ્ય બોર્ડની રચના ઈ.સ. 2013માં થયેલ છે.
(ડ) આના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય કામગીરી કરે છે.

23. ભારત સરકાર જન ધન યોજના હેઠળ બેંક ખાતા ખોલનાર પરિવારની વ્યક્તિને કેટલી રકમના અકસ્માત વીમા કવચનો લાભ આપે છે?
(અ) **Rs. 1 લાખ**
(બ) Rs. 50 હજાર
(ક) Rs. 30 હજાર
(ડ) Rs. 10 હજાર

24. ભારતના સ્વાતંત્ર્ય પછીના મહત્ત્વના બનાવોની ઘટના સંબંધી મહાનુભાવો અને તેનાં નામ સામે દર્શાવેલ માહિતી આપતી કઈ જોડી સાચી નથી?
(અ) મોરારજી દેસાઈ - સુવર્ણ અંકુશ ધારો
(બ) **વિજયાલક્ષ્મી પંડિત - યુનોમાં પ્રથમ વાર હિન્દીમાં પ્રવચન**
(ક) લાલ બહાદુર શાસ્ત્રી - તાશ્કંદ કરાર
(ડ) ઇન્દિરા ગાંધી - પોખરણ અણુ ધડાકો

25. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકો માટે ઈન્ફર્મેશન ટેક્નોલોજી આધારિત ડિજિટલ સંપર્ક સેતુના માધ્યમથી શાસનમાં ભાગીદારીને ગતિશીલ બનાવવા કયું સીમાચિહ્ન રૂપ પગલું ભરેલ છે?
(અ) બેટી વધાવો
(બ) સલામત ભારત
(ક) **Mygov**
(ડ) સ્વચ્છ ભારત

26. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કામદારોનાં હિત માટે નીચેના પૈકી કઈ સંસ્થા કાર્યરત નથી?
(અ) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ
(બ) **કેન્દ્રીય શ્રમિક શિક્ષા બોર્ડ**
(ક) ગુજરાત ગ્રામ્ય શ્રમયોગી કલ્યાણ બોર્ડ
(ડ) મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન (Mahatma Gandhi Labour Institute), અમદાવાદ

27. જૂન 2014માં નર્મદા બંધને કેટલા મીટરથી વધારી કેટલા મીટર સુધી વધારવાની મંજૂરી અપાઈ હતી?
(અ) 110.64 મીટરથી 121.92 મીટર
(બ) 363 મીટરથી 400 મીટર
(ક) **121.92 મીટરથી 138.68 મીટર**
(ડ) 131.64 મીટરથી 141.92 મીટર

28. ભારતના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મેનકા ગાંધીની વન્ય પ્રાણીઓ અને તેને આનુષાંગિક પ્રવૃત્તિઓ અંગે નીચેનાં પૈકી કયું વિધાન સાચું નથી?
(અ) તેઓ પ્રાણીઓ ઉપર કરાતા અખતરા ઉપર અંકુશ અને દેખરેખ રાખવાના ઉદ્દેશ્યથી રચાયેલી સમિતિના અધ્યક્ષ હતા.
(બ) તેઓ 'People for Animals' નામની સંસ્થા સાથે જોડાયેલા છે.
(ક) તેઓ 'આંતરરાષ્ટ્રીય પ્રાણી બચાવો' પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે.
(ડ) **તેઓ ગુજરાત પર્યાવરણ પ્રબંધક સંસ્થા (GEMI)નાં સલાહકાર સભ્ય છે.**

29. આઝાદ ભારતના બંધારણને સંઘસભાએ કયા દિવસે મંજૂરી આપી?
(અ) 26મી જાન્યુઆરી, 1950 (બ) **26મી નવેમ્બર, 1949**
(ક) 15મી ઓગસ્ટ, 1949 (ડ) 26મી જાન્યુઆરી, 1949

30. નીચે દર્શાવેલ ઘટનાઓની સચ્ચાઈ તપાસો.
(ક) ઈસુની બીજી સદીમાં ટોલોમીએ દુનિયાનો એક પ્રાથમિક નકશો બનાવ્યો હતો.
(ખ) માર્કોપોલોએ ઈસુની 11મી સદીમાં યુરોપ, ભારત, ચીન, જાપાન અને રશિયાનો પ્રવાસ ખેડ્યો હતો.
(અ) વિધાન (ક) ખોટું છે, વિધાન (ખ) સાચું છે. (બ) **વિધાન (ક) સાચું છે, વિધાન (ખ) ખોટું છે.**
(ક) વિધાન (ક) અને વિધાન (ખ) બંને સાચાં છે. (ડ) વિધાન (ક) અને વિધાન (ખ) બંને ખોટાં છે.

31. નીચે દર્શાવેલ કયાં બે સ્થળોનું અંતર સૌથી વધારે છે?
(અ) કંડલાથી સાપુતારા (બ) **સાપુતારાથી દ્વારકા** (ક) ભૂજથી દ્વારકા (ડ) વલસાડથી ભૂજ

32. નીચે આપેલ વિકલ્પો પૈકી જંતુનાશક દવા ડી.ડી.ટી.નું વૈજ્ઞાનિક નામ કયું છે?
(અ) ડાયક્લોરો ડાઈક્વિનાઈન ટ્રાઈબોરોઈથેન (બ) **ડાયક્લોરો ડાઈફિનાઈલ ટ્રાઈક્લોરોઈથેન**
(ક) ડાયક્લોરો ડાઈમિથાઈલ ટ્રાઈક્લોરોઈથેન (ડ) ડાયક્લોરો ડાઈઈથાઈલ ટ્રાઈક્લોરોમિથાઈલ

33. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં અમદાવાદ જિલ્લાનો અને દાહોદ જિલ્લાનો સાક્ષરતા દર કેટલો હતો?
(અ) **85.3% અને 58.8%** (બ) 70.6% અને 50.4%
(ક) 86.6% અને 40.7% (ડ) 92.1% અને 60.6%

34. ગુજરાતમાં વિક્રમ સંવત અનુસાર નીચે આપેલા તહેવારોને મહિનાઓ મુજબ ગોઠવતાં સાચો ક્રમ કયો છે?
1. દશેરા 2. હોળી 3. ગણેશ ચતુર્થી 4. ગુરુ પૂર્ણિમા
5. રક્ષાબંધન
(અ) **2, 4, 5, 3, 1** (બ) 5, 3, 1, 2, 4 (ક) 3, 4, 5, 1, 2 (ડ) 4, 5, 3, 1, 2

35. ફીફા વર્લ્ડ કપ ફૂટબોલ ટુર્નામેન્ટ દરમિયાન ઈનામની સમગ્ર 3 લાખ યુરો રકમ બ્રાઝિલના બીમાર ગરીબ બાળકોની સારવાર માટે દાન કરનાર જર્મન ફૂટબોલર કોણ હતા?
(અ) મેરોડોના (બ) મેસ્સી (ક) સેપ બ્લાટર (ડ) **મેસુત ઓઝીલ**

36. ભારતની સ્વતંત્રતા માટે થયેલા પ્રયાસોની જોડીઓ પૈકી કઈ જોડી સાચી છે?
(અ) **સવિનય કાનૂન ભંગની ચળવળ - 1930** (બ) બીજી ગોળમેજી પરિષદ - 1936
(ક) ક્રિપ્સ મિશન - 1940 (ડ) કેબિનેટ મિશન યોજના - 1944

37. ભારતની સ્વતંત્રતાની ચળવળ દરમિયાન ઈ.સ. 1930માં ગાંધીજીના નેતૃત્વમાં કઈ મહત્ત્વની ઘટના આકાર પામી?
(અ) પૂર્ણ સ્વરાજ્યની ઘોષણા અને ઠરાવ (બ) **દાંડી યાત્રા - મીઠાનો સત્યાગ્રહ**
(ક) બારડોલી સત્યાગ્રહ (ડ) પ્રાંતીય સરકારોની ઘોષણા

38. ફિલ્મ નિર્માણ સંબંધી નીચે પૈકીનો કયો જવાબ સાચો છે?
(અ) **વિખ્યાત ફિલ્મ અભિનેતા અશોકકુમાર જેમાં નાયક (Hero) હતા તે 'કિસ્મત' ચલચિત્ર (પિક્ચર) કોલકાતામાં એક જ સિનેમા ઘરમાં સળંગ 3 વર્ષ અને 8 માસ સુધી ચાલ્યું હતું.**
(બ) સને 1978માં 'શોલે' ચલચિત્ર (પિક્ચર) અમદાવાદના રૂપાલી થિયેટરમાં સળંગ 2 વર્ષ સુધી ચાલ્યું હતું.
(ક) સને 1974માં ઇંગ્લેન્ડના લુમિયેર બંધુઓએ વિવિધ ચિત્રોના ટુકડા જોડી પ્રથમ કાર્ટૂન ફિલ્મ બનાવી હતી.
(ડ) કેનેડામાં સને 1925માં પહેલી ઇસ્ટમેન કલર ફિલ્મ બની હતી.

39. ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ મોડ્યુલ એમ્પ્લોયેબલ સ્કીમ (MES)ના નીચે દર્શાવેલા હેતુઓ પૈકી કયો હેતુ સાચો નથી?
(અ) આ સ્કીમ હેઠળ અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલા કામદારોને ખૂટતા કૌશલ્ય પ્રાપ્તિ કરવા માટે આવરી લેવાયા છે.

(બ) **આ સ્કીમ હેઠળ શાળાકીય શિક્ષણ અધવચ્ચેથી છોડી જનાર ઉમેદવારોને કૌશલ્ય પ્રાપ્તિ કરવા માટે આવરી લેવાયા છે.**
(ક) કારખાનામાં કામ કરતા અને અપૂરતું કૌશલ્ય ધરાવતા તથા પરંપરાગત કૌશલ્ય ધરાવનારા શ્રમિકોને ખૂટતા કૌશલ્યની પ્રાપ્તિ માટે આવરી લેવાયા છે.
(ડ) વિશિષ્ટ કુશળતા તથા તજજ્ઞતા મેળવેલા શ્રમિકોને આંતરરાષ્ટ્રીય તાંત્રિકી વિજ્ઞાન (ઇન્ટરનેશનલ ટેક્નિકલ સાયન્સ)માં સંશોધન કરવા માટે આવરી લેવાયા છે.

40. ગુજરાત રાજ્યમાં બેકારી ઘટાડી, રોજગારી વધારવાના પ્રયાસો સંબંધમાં નીચેના પૈકી કયું વિધાન સાચું નથી?
(અ) રોજગાર કચેરીઓ દ્વારા રોજગારવાંછુઓને સહાય, સલાહ અને માર્ગદર્શન અપાય છે.
(બ) નોકરીદાતાઓની માગણીઓ સામે જગ્યાને અનુરૂપ ઉમેદવારોની ભલામણ અગ્રતાક્રમ મુજબ નોકરીદાતાને કરવામાં આવે છે.
(ક) **વિદેશમાં જઈ નોકરી કરવા ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે અને આવા ઉમેદવારોને પ્રવાસ ખર્ચમાં રાહત આપવામાં આવે છે.**
(ડ) સંરક્ષણ સેવાઓમાં ભરતી માટેના પૂર્વ સેવા તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે.

41. કોમનવેલ્થ રમતો (૨૦૧૪)માં ભારતના ખેલાડીઓએ કેટલા મેડલ હાંસલ કર્યા હતા?
(અ) 30 સુવર્ણ, 19 રજત, 15 કાંસ્ય (બ) 14 સુવર્ણ, 31 રજત, 19 કાંસ્ય
(ક) 19 સુવર્ણ, 15 રજત, 30 કાંસ્ય (ડ) **15 સુવર્ણ, 30 રજત, 19 કાંસ્ય**

42. ગુજરાતનો વિસ્તાર (અક્ષાંશ-રેખાંશ) સંબંધમાં નીચેના પૈકી કયો જવાબ સાચો છે?
(અ) **અરબ સાગરના કિનારે 20°, 06’ ઉત્તર અક્ષાંશવૃત્તથી 24°, 42’ ઉત્તર અક્ષાંશવૃત્ત સુધી**
(બ) પૂર્વ રેખાંશવૃત્ત 75°, 20’ થી પૂર્વ રેખાંશવૃત્ત 98°, 76’ વચ્ચેનો વિસ્તાર
(ક) અરબ સાગરના કિનારે 28°, 30’ ઉત્તર અક્ષાંશવૃત્તથી 36°, 66’ ઉત્તર અક્ષાંશવૃત્ત સુધી
(ડ) પૂર્વ રેખાંશવૃત્ત 52°, 40’ થી પૂર્વ રેખાંશવૃત્ત 57°, 36’ વચ્ચેનો વિસ્તાર

43. જીવન રક્ષક જેકેટ (Life Saving Jacket) કઈ સ્થિતિમાં જીવન બચાવવા માટે ઉપયોગી સાધન છે?
(અ) ભૂકંપ (બ) આગ (ક) **પૂર** (ડ) ભૂસ્ખલન

44. ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર .......... ચોરસ કિ.મી. છે અને તે પૂરા દેશના વિસ્તારના .......... વિસ્તાર છે.
(અ) 80900 ચો.કિ.મી. અને 6.19% (બ) 1.56 લાખ ચો.કિ.મી. અને 6.19%
(ક) **1.96 લાખ ચો.કિ.મી. અને 6.19%** (ડ) 2.96 લાખ ચો.કિ.મી. અને 13.9%

45. નીચે આપેલ ભાગ-I અને ભાગ-IIને જોડતાં સાચો જવાબ શું થશે?

| ભાગ -I (રત્નો/ઊપરત્નો) | ભાગ-II (વિશિષ્ટ ઘનતા) |
|---|---|
| (1) અંબર | (અ) 3.73 |
| (2) હીરો | (બ) 2.7 |
| (3) ક્રાયસોબેરિલ | (ક) 3.52 |
| (4) મોતી | (ડ) 3.60 |
| | (ઈ) 1.05 |

(અ) 1 - ક, 2 - અ, 3 - ડ, 4 - બ (બ) 1 - ડ, 2 - ઈ, 3 - અ, 4 - ક
(ક) **1 - ઈ, 2 - ક, 3 - અ, 4 - બ** (ડ) 1 - બ, 2 - ડ, 3 - ઈ, 4 – અ

Crack GPSC

## Section B

**સૂચના - પ્રશ્ન ૫૧ થી ૧૫૦ સુધીના દરેક પ્રશ્નનો ૧ ગુણ છે.**

46. 'શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય' ભારતના બંધારણના કયા અનુચ્છેદ દ્વારા પ્રાપ્ત થાય છે?
(અ) અનુચ્છેદ 19 (1) (C) (બ) અનુચ્છેદ 19 (1) (D)
(ક) અનુચ્છેદ 19 (1) (A) (ડ) **અનુચ્છેદ 19 (1) (B)**

47. મહિલા અને બાળ વિકાસના સંદર્ભમાં ICDS (સંકલિત બાળ વિકાસ યોજના) એટલે?
(અ) ઈન્ટરનેશનલ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્કીમ (બ) ઈન્ટરનેશનલ ચાઈલ્ડ ડિપાર્ટમેન્ટ સ્કીમ
(ક) ઈન્ડિયન ચિલ્ડ્રન ડેવલપમેન્ટ સ્કીમ (ડ) **ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્કીમ**

48. ભારતની સૌપ્રથમ ભારતમાં બનાવેલ અણુ સબમરીનનું નામ શું છે?
(અ) આઈ.એન.એસ. વિક્રાન્ત (બ) **આઈ.એન.એસ. અરિહંત**
(ક) આઈ.એન.એસ. કોલકાતા (ડ) આઈ.એન.એસ. વીરશક્તિ

49. મહાભારતનું મૌસલ પર્વ જે યાદવાસ્થળીનું વર્ણન કરે છે, તે સ્થળ કયું?
(અ) ઓખા (બ) મથુરા (ક) **પ્રભાસ** (ડ) ડાકોર

50. મુખ્ય વિટામિનો અને તેની ઉણપથી થતા રોગોની કઈ જોડી સાચી છે?
(અ) **વિટામિન ડી - અસ્થિ રોગ, સુકતાન** (બ) વિટામિન એ - કાનના રોગો
(ક) વિટામિન બી - રક્તસ્રાવ (લોહી વહેવું) (ડ) વિટામિન સી - આંખના રોગો

51. ફેબ્રુઆરી 2014માં ભારતમાં 'બેજબરૂઆ પૂર્વોત્તર સમિતિ'ની રચના શાના માટે કરવામાં આવેલ?
(અ) કુદરતી આપદા પ્રબંધન માટે (બ) સિંચાઈ પદ્ધતિ વિકાસાવવા માટે
(ક) ઔદ્યોગિક વિકાસ નીતિ નક્કી કરવા માટે (ડ) **પૂર્વોત્તર રાજ્યોના લોકોના સુરક્ષા માટે**

52. રાજ્યસભાને નાણાકીય ખરડા પરની ચર્ચા માટે કેટલો સમય આપવામાં આવે છે ?
(અ) 7 દિવસ (બ) **14 દિવસ** (ક) 30 દિવસ (ડ) 90 દિવસ

53. રાષ્ટ્રસંઘ દ્વારા આયોજિત જૈવ વિવિધતા/જૈવ વૈવિધ્યના સંરક્ષણ માટેના સંમેલન બાદ ભારતે કયો કાયદો ઘડ્યો છે?
(અ) **બાયોલોજિકલ ડાયવર્સિટી (જૈવ વિવિધતા) અધિનિયમ, 2002**
(બ) વન્ય જીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972
(ક) વન્ય પ્રાણી વિવિધતા અધિનિયમ, 2002
(ડ) વન્ય સૃષ્ટિ વિવિધતા અધિનિયમ, 1972

54. ભારતના સંવિધાન દ્વારા સંઘની પ્રબંધક સત્તાઓ (Executive Powere) કોને આપવામાં આવી છે?
(અ) **રાષ્ટ્રપતિ** (બ) ઉપરાષ્ટ્રપતિ (ક) વડા પ્રધાન (ડ) મંત્રીઓ

55. 'રાષ્ટ્રીય રમત દિન'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે?
(અ) **29મી ઓગસ્ટ** (બ) 23મી જૂન (ક) 24મી ફેબ્રુઆરી (ડ) 24મી નવેમ્બર

56. ભારતીય મૂળના સત્ય નાડેલાની નિમણૂક કઈ કંપનીના સી.ઈ.ઓ (ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર) તરીકે થઈ છે?
(અ) ગૂગલ (બ) એપલ (ક) સેમસંગ (ડ) **માઈક્રોસોફ્ટ**

57. ગુજરાતમાં આવેલી નીચેના પૈકી ઉચ્ચ શિક્ષણની કઈ સંસ્થા રાજ્ય કક્ષાની સંસ્થા છે?
(અ) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (IIM)
(બ) નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (NID)
(ક) **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (IITE)**
(ડ) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી (IIT)

58. ગોંડલના મહરાજા ભગતસિંહે તૈયાર કરાવેલ નવખંડનો વિશાળ શબ્દકોશ "ભગવદ્ ગોમંડલ" કયા વિદ્વાને તૈયાર કરેલ?
(અ) કવિ નર્મદ (બ) ગોવર્ધનરામ ત્રિપાઠી
(ક) ધીરુભાઈ ઠાકર (ડ) **ચંદુલાલ બહેચરભાઈ પટેલ**

59. ગુજરાતને અસરકર્તા ભૂકંપ 2001નું ઉદ્‌ગમબિંદુ (epicentre) ક્યાં હતું?

(અ) ભચાઉ પાસે (બ) લખપત પાસે (ક) **<u>અંજાર પાસે</u>** (ડ) મુંદ્રા પાસે

60. સ્વ. ઝવેરચંદ મેઘાણીની 'છેલ્લો કટોરો' નામની કવિતામાં ગાંધીજીની મનોવેદના રજૂ થઈ છે તે પ્રસંગ કયો?
(અ) **<u>ગોળમેજી પરિષદ</u>** (બ) ચૌરીચૌરા
(ક) સાયમન કમિશન (ડ) જલિયાંવાલા બાગ હત્યાકાંડ

61. ગતિ શક્તિ વડે વીજળી શક્તિમાં રૂપાંતર કરતું યંત્ર એટલે?
(અ) પંખો (બ) પાણીની મોટર (ક) **<u>ડાયનેમો</u>** (ડ) ઘડિયાળનું લોલક

62. બંધારણની કલમ-356નો ઉપયોગ 1959માં કયા રાજ્યમાં થયો હતો?
(અ) જમ્મુ-કાશ્મીર (બ) ઉત્તર પ્રદેશ (ક) **<u>કેરળ</u>** (ડ) મુંબઈ

63. બાળ મજૂરી પર પ્રતિબંધ અંગે ભારતના બંધારણમાં જોગવાઈ છે કે નહિ અને હોય તો કઈ કલમમાં છે?
(અ) બંધારણમાં જોગવાઈ નથી (બ) કલમ 51 એ
(ક) કલહ 41 (ડ) **<u>કલમ 24</u>**

64. 'સોય-દોરા' અને 'ફીરકી' શ્રેણીના દાવ કયા વ્યાયામનો ભાગ છે?
(અ) ખો-ખો (બ) લેઝિમ (ક) **<u>મલખમ</u>** (ડ) જૂડો

65. લાફિંગ ગેસમાં કયો વાયુ હોય છે?
(અ) કાર્બન મોનોક્સાઈડ (બ) **<u>નાઈટ્રસ ઓક્સાઈડ</u>** (ક) સલ્ફર ડાયોક્સાઈડ (ડ) હાઈડ્રોજન પેરોક્સાઈડ

66. રાજ્યસભામાં ગૃહનું કામરાજ હાથ ધરવા કેટલા સભ્યોની હાજરી જરૂરી છે?
(અ) 1/2 (બ) 1/4 (ક) 1/8 (ડ) **<u>1/10</u>**

67. ભારતમાં શિક્ષણ પંચો અને તેમની કામગીરીની નીચેના પૈકી કઈ જોડી સાચી છે?
(અ) રાધાકૃષ્ણ પંચ - બુનિયાદી શિક્ષણમાં સુધારણા
(બ) **<u>મુદલીયાર કમિશન - માધ્યમિક શિક્ષણ પંચ</u>**
(ક) કોઠારી કમિશન - ખુલ્લા વિશ્વવિદ્યાલય (ઓપન યુનિવર્સિટી) માટેનું શિક્ષણ પંચ
(ડ) રામમૂર્તિ સમિતિ-પૂર્વ પ્રાથમિક શિક્ષણ પંચ

68. નીચે દર્શાવેલ વૃક્ષો પૈકી કયું વૃક્ષ આરક્ષિત (Reserve) નથી?
(અ) સાગ (બ) ચંદન (ક) ખેર (ડ) **<u>ટીમરૂ</u>**

69. જનની સુરક્ષા યોજના સંબંધમાં નીચેના પૈકી કઈ માહિતી સાચી છે?
(અ) **<u>આ યોજના આરોગ્ય ખાતાના NRHM (National Rural Health Mission) હેઠળ સલામત માતૃત્વ સંબંધી છે.</u>**
(બ) આ યોજનાનો અમલ ગુજરાતમાં મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ કરે છે.
(ક) આ યોજના હેઠળ માસિક Rs. 20,000 થી ઓછી આવકવાળા તમામ કુટુંબો આવરી લેવાયાં છે.
(ડ) આ યોજના ગુજરાતમાં 1998થી અમલમાં છે.

70. ગુજરાતમાં ધોરણ 5,6 અને 7માં વર્ગ પદ્ધતિથી શૈક્ષણિક કાર્ય કરવાની નીતિ ક્યારથી અમલમાં છે?
(અ) ઓક્ટોબર 2007 (બ) **<u>જૂન 2001</u>** (ક) જૂન 2010 (ડ) જૂન 2009

71. વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓની વસ્તી કેટલી છે?
(અ) 937 (બ) 967 (ક) 951 (ડ) **<u>940</u>**

72. ગુજરાત સરકાર દ્વારા, ગુજરાતમાં કાયમી વસવાટ ધરાવતી હોય તેવી વ્યક્તિઓ પૈકી કઈ વ્યક્તિઓને અશક્ત ઓળખકાર્ડ મળવાપાત્ર નથી?
(અ) શ્રવણ મંદ વ્યક્તિ
(બ) દ્રષ્ટિહીન વ્યક્તિ
(ક) એક હાથ અને એક પગ ન હોય તેવી વ્યક્તિ
(ડ) **<u>અશક્ત વ્યક્તિ 35% કે તેથી વધુ અશક્તતા ધરાવતી હોય</u>**

73. ભારતના બંધારણમાં કલમ 32 (1) મૂળભૂત અધિકારોના અમલની જવાબદારી કોને સોંપવામાં આવી છે?
(અ) સંસદને (બ) રાષ્ટ્રપતિને (ક) વડા પ્રધાનને (ડ) **<u>સર્વોચ્ચ ન્યાયાલયને</u>**

74. કયા રસાયણના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર ભારતમાં મોખરે છે?
(અ) સલ્ફ્યુરિક એસિડ (બ) નાઈટ્રિક એસિડ (ક) કોસ્ટિક સોડા (ડ) **<u>સોડા એશ</u>**

75. ગન પાઉડર શામાંથી બને છે?
(અ) સલ્ફર, ચારકોલ અને મીઠું (બ) **<u>સલ્ફર, ચારકોલ અને પોટેશિયમ નાઈટ્રેટ</u>**

(ક) ચારકોલ, મીઠું અને પાઉડર (ડ) મીઠું, એસિડ અને ખાંડ

76. પ્રાણીઓમાં જોવા મળતી રંગહીનતા માટે કયા વર્ણરંજકનો અભાવ જવાબદાર હોય છે?
(અ) ક્લોરોફિલ (બ) <u>**મેલેનિન**</u> (ક) એમીનો એસિડ (ડ) કેરોટીન

77. ઈબોલા (Ebola) શું છે?
(અ) અમેરિકાનું એક શહેર
(બ) એમેઝોન જંગલોમાં વસતું એક પ્રાણી
(ક) પ્રખ્યાત એથ્લેટ
<u>**(ડ) રોગચાળો પ્રસરાવતો મારક વાયરસ જે માત્ર થોડા અઠવાડિયામાં મૃત્યુ નિપજાવે છે.**</u>

78. ગિફ્ટ સિટીમાં 'GIFT' એટલે શું?
(અ) ગુજરાત ઈન્ડસ્ટ્રી એન્ડ ફાઈનાન્સ સિટી, ગાંધીનગર જિલ્લો
(બ) ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ સિટી, અમદાવાદ જિલ્લો
(ક) <u>**ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી, ગાંધીનગર જિલ્લો**</u>
(ડ) ગવર્નમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફોરેન્સિક સિટી, અમદાવાદ જિલ્લો

79. પ્રાયોગિક કક્ષાએ ભારતનું પ્રથમ ઉપગ્રહ - સંદેશા વ્યવહાર મથક (ESCES) કયા શહેરમાં સ્થાપવામાં આવ્યું હતું?
(અ) મુંબઈ (બ) નવી દિલ્હી (ક) <u>**અમદાવાદ**</u> (ડ) પૂણે

80. કૃષિ વૈજ્ઞાનિક ડો. સંજય રાજારામને કયા પાકના સંશોધન માટે 'વિશ્વ ખાદ્ય પુરસ્કાર' મળ્યો છે?
(અ) મકાઈ (બ) <u>**ઘઉં**</u> (ક) ડાંગર (ડ) કપાસ

81. માતા યશોદા ગૌરવ (વીમા) નિધિ યોજના કોના માટે છે?
(અ) એકથી પાંચ વર્ષની ઉંમરનાં બાળકોની માતા માટે
(બ) ગરીબી રેખાથી નીચે જીવતાં કુટુંબોની સ્ત્રીઓ માટે
(ક) આંગણવાડી કાર્યકરો અને આંગણવાડી હેલ્પર્સ માટે
(ડ) આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકોની માતા માટે

82. 1953માં મહાગુજરાતની માંગણીને નકારી કાઢી હતી તે 'રાજ્ય પુનઃરચના પંચ'ના અધ્યક્ષ કોણ હતા?
(અ) લાલબહાદુર શાસ્ત્રી (બ) <u>**ફઝલ અલી**</u> (ક) મોરારજી દેસાઈ (ડ) યશવંતરાય ચૌહાણ

83. કયા દિવસે ઉત્તર ગોળાર્ધમાં ટૂંકામાં ટૂંકો અને દક્ષિણ ગોળાર્ધમાં લાંબામાં લાંબો દિવસ હોય છે?
(અ) <u>**22મી ડિસેમ્બર**</u> (બ) 30મી ડિસેમ્બર (ક) 14મી જાન્યુઆરી (ડ) 28મી જાન્યુઆરી

84. રેલવેમાં મુસાફરી કરવા માટે ઓનલાઈન રિઝર્વેશન કરવા માટે કઈ વેબસાઈટ ઉપયોગી થાય?
(અ) indianrail. gov.in/pnr_Enq.html (બ) <u>**irctc.co.in**</u>
(ક) indianrailwayonline.co.in (ડ) indianrailway.nic.in

85. ગુજરાત સરકારે વિકસાવેલ સોફ્ટવેર સાથી (SATHI)નું પૂરું નામ શું છે?
(અ) સિસ્ટમ એપ્લિકેશન ઓફ ટીચર ફોર હ્યુમન રિસોર્સ ઈમ્પ્રુવમેન્ટ
(બ) <u>**સિસ્ટમ એપ્લિકેશન ઓફ ટેકનોલોજી ફોર હ્યુમન રિસોર્સ ઈમ્પ્રુવમેન્ટ**</u>
(ક) સિસ્ટમ એપ્લાઈડ ઓફ ટેકનોલોજી ફોર હ્યુમન રિસોર્સ ઈનિસિએટિવ
(ડ) સિસ્ટમ ઓફ એરેન્જમેન્ટ ઓફ ટ્રાયબલ ફોર હેલ્થ રિસોર્સ ઈમ્પ્રુવમેન્ટ

86. ગુજરાતમાં માધ્યમિક કક્ષાએ હાલ કઈ શિક્ષણ પદ્ધતિ અમલમાં છે?
(અ) નિરંતર અને તુલનાત્મક મૂલ્યાંકન (બ) શાળાકીય નિરંતર મૂલ્યાંકન
(ક) <u>**શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન**</u> (ડ) સર્વગ્રાહી અને નિરંતર મૂલ્યાંકન

87. ચોથા મૈસુર વિગ્રહ (સને 1799 વખતે) ગવર્નર જનરલ તરીકે કોણ હતા?
(અ) લોર્ડ વોરન હેસ્ટિંગ્સ (બ) લોર્ડ વિલિયમ બેન્ટિક (ક) સર આયરકૂટ (ડ) <u>**લોર્ડ વેલેસ્લી**</u>

88. ભારતીય વિદ્યાભવનની સ્થાપના કોણે કરી હતી?
(અ) ગાંધીજી (બ) જવાહરલાલ નહેરુ (ક) <u>**કનૈયાલાલ મુનશી**</u> (ડ) ઝવેરચંદ મેઘાણી

89. ગુજરાતમાં પ્રારંભ થયેલ સંસ્થાઓ સંબંધમાં નીચેના પૈકી કઈ જોડી સાચી છે?
(અ) <u>**અનાથાશ્રમ : અમદાવાદ, 1892**</u> (બ) ઔદ્યોગિક વસાહત : વાપી, 1968
(ક) સંગ્રહાલય : જૂનાગઢ, 1849 (ડ) મહિલા સહકારી બેંક : સુરત, 1994

90. મિશન મંગલમ્/સખી મંડળનો ઉદ્દેશ શું છે?
(અ) સ્ત્રીઓનાં મંડળો બનાવી, ગ્રામ્ય વિસ્તારમાં એકતા સ્થાપિત કરવી.
(બ) <u>**ગ્રામ્ય સ્ત્રીઓને આર્થિક રીતે પગભર કરવા વ્યવસાય ની તકો ઊભી કરવી.**</u>

(ક) સ્ત્રીઓમાં સખી જૂથોની રચના કરવી.
(ડ) ગ્રામ્ય સ્ત્રીઓમાં સામાજિક અને સાંસ્કૃતિક ઉત્થાન

91. રાષ્ટ્રસંઘનું માનવ પર્યાવરણ વિષય પરનું સર્વપ્રથમ સંમેલન કયાં અને ક્યારે યોજવામાં આવેલ?
(અ) **સ્ટોકહોમ-1972** (બ) રિયો-ડી-જાનેરો-1992 (ક) રિયો-ડી-જાનેરો-2012 (ડ) જોહોનિસબર્ગ-2002

92. ધાતુની ગતિશીલતાને કારણે પારાને 'પ્રવાહી ચાંદી' તરીકે ઓળખાવનાર કોણ હતા?
(અ) લાઈબ્નિઝ (બ) થેઈલ્સ (ક) **એરિસ્ટોટલ** (ડ) નિકોલસ કોપરનિકસ

93. ક્રિકેટના મેદાનમાં બે વિકેટ વચ્ચેનું અંતર - પિચની લંબાઈ કેટલી હોવી જોઈએ?
(અ) 30 વાર (બ) **22 વાર** (ક) 18 વાર (ડ) 36 વાર

94. માતા મૃત્યુ દર ઓછો કરવા ઈ.સ. 2005થી કઈ યોજના શરૂ કરવામાં આવી છે?
(અ) અમૃતમ્ યોજના (બ) બાલસખા યોજના
(ક) **ચિરંજીવી યોજના** (ડ) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના (RSBY)

95. "અંગ્રેજોએ ભારતમાં આવીને, અહીંની વ્યવસ્થાઓને જેમની તેમ સ્થિતિમાં રાખવાને બદલે તે વ્યવસ્થાઓનો ધરમૂળમાંથી નાશ કરવા માંડ્યો હતો, પ્રથમ તો તેમણે ભૂમિને ખેદાન મેદાન કરી દીધી, તે પછી શિક્ષણ વ્યવસ્થારૂપી વૃક્ષના મૂળને પણ ઉખેડી નાખ્યું" - 'રળિયામણું વૃક્ષ - 18મી સદીમાં ભારતીય શિક્ષણ' પુસ્તકમાં લખાયેલા આ શબ્દો ઉચ્ચારનાર મહાપુરુષ કોણ હતા?
(અ) **મહાત્મા ગાંધીજી** (બ) ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન
(ક) રવિન્દ્રનાથ ટાગોર (ડ) પંડિત મદનમોહન માલવિયા

96. ભારતમાં કઈ મધમાખી ઉછેરમાં અનુકૂળ હોવાથી વધુ પસંદ કરવામાં આવે છે?
(અ) ડમ્મર મધમાખી (બ) ભમરિયા મધમાખી (ક) સાતપૂડિયા મધમાખી (ડ) **ભૂગા મધમાખી**

97. ઈ.સ. 2009માં રાષ્ટ્રીય જ્ઞાન આયોગની રચના નીચેના પૈકી કયા મહાનુભાવના અધ્યક્ષપણા નીચે કરવામાં આવી હતી?
(અ) ડો. નંદન નીલેકણી (બ) કપિલ સિબ્બલ (ક) અર્જુનસિંહ (ડ) **સામ પિત્રોડા**

98. ગુજરાતમાં બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર નિયમો કયા વર્ષથી અમલી બન્યો છે?
(અ) ઈ.સ. 2009 (બ) ઈ.સ. 2011 (ક) **ઈ.સ. 2010** (ડ) ઈ.સ. 2012

99. પર્યાવરણ સુરક્ષા અધિનિયમ 1986 નીચે દરિયાકાંઠાના પર્યાવરણની જાળવણી માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે?
(અ) દરિયાકાંઠા વિસ્તાર કાનૂન અધિસૂચના - 2011 (બ) **દરિયાકાંઠા વિસ્તાર કાનૂન અધિસૂચના - 1991**
(ક) દરિયાકાંઠા પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ - 1951 (ડ) દરિયાકાંઠા પ્રદૂષણ અટકાયત ધારો - 2011

100. પ્રાણકુમાર શર્માએ સર્જેલા ચાચા ચૌધરીના કાર્ટૂન કેરેક્ટર આધારિત સિરિયલમાં ચાચા ચૌધરીનું પાત્ર કોણે ભજવ્યું હતું?
(અ) રામલાલ યાદવ (બ) **રઘુવીર યાદવ** (ક) પ્રેમલાલ યાદવ (ડ) જયવીર યાદવ

101. વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતની કુલ વસ્તી કેટલી છે?
(અ) **12101.93 લાખ** (બ) 1210.19 લાખ (ક) 12101.9 કરોડ (ડ) 1210.19 કરોડ

102. બીપીએલ પરિવારો માટે શસ્ત્રક્રિયા જેવી ખર્ચની સારવાર માટે ઠરાવેલ હોસ્પિટલ/સારવાર પૂરી પાડવા રાજ્ય સરકારની યોજનાનું નામ શું છે?
(અ) આરસીએચ-2 (બ) મમતા અભિયાન
(ક) ચિરંજીવ યોજના (ડ) **મુખ્યમંત્રી અમૃતમ્ યોજના**

103. મીનુ મસાણી દ્વારા રચિત કયો ગ્રંથ સ્વાતંત્ર્ય પૂર્વે ભારતમાં શાળા કક્ષાએ પાઠ્યપુસ્તક તરીકે નિયત થયો હતો?
(અ) ફ્રીડમ ફર્સ્ટ (બ) વી. ઈન્ડિયન્સ
(ક) **અવર ઈન્ડિયા** (ડ) સોશિયાલિઝમ રિકન્સિડર્ડ

104. ગુજરાત રાજ્યના કયા પ્રદેશને સોનેરી પાનનો મુલક પણ કહે છે?
(અ) દક્ષિણ ગુજરાત (બ) સૌરાષ્ટ્ર (ક) **ચરોતર** (ડ) કચ્છ

105. "ન હિ જ્ઞાનેન સદૃશમ્ પવિત્રમિહ વિદ્યત" અર્થાત્ 'આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર કંઈ નથી.' આ સુવાક્યનો ઉલ્લેખ કયા ગ્રંથમાં કરવામાં આવ્યો છે?
(અ) મનુસ્મૃતિ (બ) **શ્રીમદ્ ભગવદ્ગીતા** (ક) વાલ્મીકિ રામાયણ (ડ) માંડુક્ય ઉપનિષદ

106. ભારતમાં નીચે પૈકી કયો પ્રદેશ પોર્ટુગીઝ માલિકીમાંથી હસ્તગત કરેલો નથી?

Crack GPSC

(અ) દીવ (બ) **<u>કરાઈકલ</u>** (ક) દમણ (ડ) ગોવા

107. બંધારણમાં 121મો સુધારો કયા હેતુ માટે કરવામાં આવે છે?
(અ) સહકારી મંડળી રચવાનો અધિકાર (બ) **<u>રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચ રચવા</u>**
(ક) અલગ રાજ્ય તેલંગાણા રચવા (ડ) ફરજિયાત અને મફત શિક્ષણનો અધિકાર આપવા

108. ભારતના કયા પ્રક્ષેપણ યાને ફ્રાન્સ, જર્મની, કેનેડા તથા સિંગાપોરના ઉપગ્રહ સફળતાપૂર્વક જૂન-2014માં અવકાશમાં પ્રક્ષેપણ કરેલ છે?
(અ) પી.એસ.એલ.વી.-20 (બ) પી.એસ.એલ.વી.-21 (ક) પી.એસ.એલ.વી.-22 (ડ) **<u>પી.એસ.એલ.વી.-23</u>**

109. ગુજરાત સરકારની વિદ્યાર્થી સુરક્ષા જૂથ વીમા યોજના કયા નામથી ઓળખાય છે?
(અ) **<u>શહીદ વીર કિનારીવાલા વિદ્યાર્થી સુરક્ષા જૂથ વીમા યોજના</u>**
(બ) એકલવ્ય વિદ્યાર્થી સુરક્ષા જૂથ વીમા યોજના
(ક) શહીદ ભગતસિંહ વિદ્યાર્થી સુરક્ષા જૂથ વીમા યોજના
(ડ) શ્યામજીકૃષ્ણ વર્મા વિદ્યાર્થી સુરક્ષા જૂથ વીમા યોજના

110. સુનામી (Tsunami)ની આગોતરી ચેતવણી આપતી સિસ્ટમ કઈ છે?
(અ) **<u>DART</u>** (બ) PMEL (ક) NOAA (ડ) COPS

111. ગુજરાતમાં સર્વપ્રથમ 'સફાઈ વિદ્યાલય'નો પ્રારંભ ક્યાં થયો હતો?
(અ) **<u>સાબરમતી આશ્રમ, અમદાવાદ</u>** (બ) વઘઈ
(ક) વ્યારા (ડ) વાલોડ

112. યુક્રેનનો કયો ભાગ (પ્રદેશ) વર્ષ 2014માં રશિયા સાથે જોડાયો?
(અ) કઝાકિસ્તાન (બ) **<u>ક્રીમિયા</u>** (ક) પશ્ચિમ યુક્રેઈન ડિવિઝન (ડ) ઉઝબેકિસ્તાન

113. 'જનગણમન' રાષ્ટ્રીય ગીતના રચનાર કવિવર રવિન્દ્રનાથ ઠાકુર દ્વારા પ્રથમ વાર તે ગીતને 'તત્વબોધિની' પત્રિકામાં 1912માં પ્રસિદ્ધ કર્યું ત્યારે .......... તરીકે પ્રસિદ્ધ કરેલ.
(અ) જનગણમન (બ) વંદે માતરમ્ (ક) **<u>ભારત ભાગ્યવિધાતા</u>** (ડ) આમાર સોનાર બંગલા

114. ભારતમાં સતી પ્રથા પ્રતિબંધક કાનૂન ક્યારે અમલી બન્યો હતો?
(અ) 4 ઓગસ્ટ, 1811 (બ) 8 એપ્રિલ, 1829 (ક) **<u>4 ડિસેમ્બર, 1829</u>** (ડ) 11 જુલાઈ, 1832

115. એક ઉમેદવાર સંસદના બંને ગૃહમાં એક સાથે ચૂંટાય તો શું કરવું પડે?
(અ) લોકસભામાંથી રાજીનામું આપે કારણ કે તે નીચલું ગૃહ છે.
(બ) રાજ્યસભામાંથી રાજીનામું આપે કારણ કે લોકસભાની તુલનાએ ઓછું મહત્ત્વ ધરાવે છે.
(ક) **<u>પોતાની ઈચ્છાનુસાર કોઈ એક ગૃહના સભ્ય પદેથી રાજીનામું આપે છે.</u>**
(ડ) સંસદનાં બંને ગૃહમાં સભ્ય તરીકે રહેશે.

116. ગુજરાતની વર્તમાન શિક્ષણ વ્યવસ્થા માટે કયું વિધાન સાચું નથી?
(અ) ધોરણ 1થી ધોરણ 5 - પ્રાથમિક, ધોરણ 6થી ધોરણ 8 - ઉચ્ચ પ્રાથમિક
(બ) **<u>ધોરણ 1થી ધોરણ 7 - પ્રાથમિક, ધોરણ 8થી ધોરણ 10 - માધ્યમિક</u>**
(ક) ધોરણ 9થી ધોરણ 10 - માધ્યમિક, ધોરણ 11થી ધોરણ 12 - ઉચ્ચતર માધ્યમિક
(ડ) ધોરણ 6થી ધોરણ 8 - ઉચ્ચ પ્રાથમિક, ધોરણ 11થી ધોરણ 12 - ઉચ્ચ માધ્યમિક

117. સંસદ અને દરેક રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓ કોની દેખરેખ, દિશાનિર્દેશ અને નિયંત્રણમાં યોજાય છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) સર્વોચ્ચ અદાલત (ક) **<u>ચૂંટણી પંચ</u>** (ડ) વડાપ્રધાન

118. એમોનિયમ સાયનેટને ગરમ કરીને યુરિયાના સંયોજન બનાવનાર કોણ હતા?
(અ) હિલેઈર (બ) **<u>ફ્રેડરિક વ્હોલર</u>** (ક) મારિન રાઉલે (ડ) મેન્ડેલિફ

119. જી.આઈ.એસ. એપ્લિકેશન પ્રોગ્રામ ભૂમિગત જળ અને અન્ય કુદરતી સંસાધનો, દરિયા કિનારાના વિસ્તારોની અન્ય કુદરતી સંસાધનો, દરિયા કિનારાના વિસ્તારોની માહિતી વગેરે એકત્ર કરવા માટેની રાજ્ય સરકારની સંસ્થા કઈ છે?
(અ) ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી
(બ) વોટર ડેટા સેન્ટર
(ક) **<u>ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ ઈન્ફર્મેટિક્સ</u>**
(ડ) ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ

120. વાયુ પ્રદુષણના સંદર્ભમાં ભારતમાં શું કાયદાકીય જોગવાઈ/વ્યવસ્થા છે?
(અ) **<u>વાયુ પ્રદુષણ નિયંત્રણ અને અંકુશ અધિનિયમ 1981</u>**

(બ) વાયુ પ્રદુષણ નિયંત્રણ મંડળ
(ક) વાયુ પ્રદુષણ નાબૂદી મંડળ
(ડ) વાયુ પ્રદુષણ અધિનિયમ 1961

121. અમેરિકાની લશ્કરી અને રાજકીય માહિતી જાહેર કરનાર (GEMS)ના સ્થાપક જુલીયન અસાન્જેએ લંડનમાં કયા દેશને એલચી કચેરીમાં શરણ મેળવેલ?
(અ) રશિયા (બ) **એક્વાડોર** (ક) જાપાન (ડ) ઈરાન

122. ગ્લોબલ એન્વાયરમેન્ટલ મોનેટરિંગ સિસ્ટમ (GEMS)ની શરૂઆત કોણે કરી હતી?
(અ) **યુનેપ (UNEP - United Nations Environment Programme)**
(બ) ડિપાર્ટમેન્ટ ઓફ એન્વાયરમેન્ટ, નવી દિલ્હી
(ક) સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન, અમદાવાદ
(ડ) ગંગા શુદ્ધીકરણ મંત્રાલય

123. બાંધકામ શ્રમિકોનાં બાળકોના વિશિષ્ટ અભ્યાસના કોચિંગ માટેની આર્થિક સહાય આપવાની યોજના ગુજરાત રાજ્યમાં ક્યારથી અમલમાં છે?
(અ) ઈ.સ. 2011થી (બ) ઈ.સ. 2013થી (ક) ઈ.સ. 2012થી (ડ) **ઈ.સ. 2014થી**

124. કયા રાજ્યમાં સૌપ્રથમ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ અમલી બન્યો?
(અ) **ગુજરાત** (બ) ઓરિસ્સા (ક) તમિલનાડુ (ડ) મહારાષ્ટ્ર

125. 'માણસ માટે આ એક વામન પગલું છે, પણ માનવજાત માટે આ વિરાટ છલાંગ છે.' આ વાક્ય બોલનાર?
(અ) એડગર મીશેલ (બ) **નીલ આર્મસ્ટ્રોન્ગ** (ક) એલન શેફર્ડ (ડ) બઝ એલ્ડ્રીન

126. વર્ષ 2020માં ઓલિમ્પિક રમતો કયાં યોજાશે?
(અ) ગ્લાસગો (બ) રિયો-ડી-જાનેરો (ક) દૂબઈ (ડ) **ટોકિયો**

127. વૈશ્વિક દાહકતા (Global Warming) માટે નીચેના પૈકી કયું પરિબળ જવાબદાર નથી?
(અ) જંગલોના વ્યાપમાં ઘટાડો - વૃક્ષોનું છેદન (બ) પેટ્રોલિયમ પેદાશોનો અસાધારણ ઉપયોગ
(ક) વિવિધ પરિબળો થકી હવા અને જળ પ્રદૂષણ (ડ) **અતિવૃષ્ટિ**

128. દિવંગત અભિનેત્રી 'જોહરા સહગલ'ની પ્રથમ ફિલ્મ કઈ હતી?
(અ) **ધરતી કે લાલ** (બ) ધરતી કે ફૂલ (ક) કાગઝ ઔર કસ્તી (ડ) વીરઝારા

129. શિક્ષણ પદ્ધતિમાં 'રચનાત્મક મૂલ્યાંકન' માટે કયું વિધાન સાચું નથી?
(અ) શીખવેલા એકમનું રચનાત્મક પદ્ધતિથી કરેલું મૂલ્યાંકન
(બ) ઉપચારાત્મક શિક્ષણ આપવા માટેની પૂર્વભૂમિકા
(ક) **ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિ**
(ડ) નિશ્ચિત સ્તર સુધી પહોંચવામાં કેટલી કચાશ છે તેનું મૂલ્યાંકન

130. 'પૂંછડિયા તારા' સાથે નામ જોડાયું છે તે ખગોળવિદ્ કોણ?
(અ) મનાલી કલ્લત વેણુ બપ્પુ (બ) કાવસજી દાદાભાઈ નાયગમવાલા
(ક) ડો. સંપૂર્ણનંદ (ડ) **મેઘનાદ સહા**

131. 'સર્વ શિક્ષા અભિયાન'માં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી?
(અ) પ્રાથમિક શાળાઓ માટે ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.
(બ) શિક્ષકોની વ્યવસ્થા અને તાલીમ
(ક) એસ.સી. / એસ.ટી. / ગરીબ અને જરૂરિયાતવાળા કુટુંબનાં બાળકોને શિક્ષણની સમાન તક પૂરી પાડવી.
(ડ) **ધોરણ 1થી ધોરણ 12 સુધી સર્વને શિક્ષણ પ્રાપ્ત થાય એ માટેનું અભિયાન.**

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
Quality એટલે
Crack GPSC

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

ક્લાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય ક્લર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack G GPSC
ક્રેક GPSC